**GJSR010028102026**

| | |
|---|---|
| ફાઈલ તારીખઃ | ૦૨/૦૩/૨૦૨૬ |
| દાખલ તારીખઃ | ૦૨/૦૩/૨૦૨૬ |
| ફેંસલ તારીખઃ | ૦૭/૦૩/૨૦૨૬ |
| અવધિઃ | <u>વર્ષ માસ દિવસ</u><br>૦૦ ૦૦ ૦૫ |

**મહેરબાન સુરતના બીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,સુરત**

**ફોજદારી પરચુરણ અરજી નંબર : ૧૫૫૨/૨૦૨૬**

**આંક :–**

**અરજદાર :** (૧) **વિપુલ કમલેશ દલસિંગ ભાભોર**
ઉ.આ.વ. : ૨૩, ધંધોઃ નોકરી,
રહે.એ/૧૩, મહાવીર નગર, ઈલોરા પાર્ક,
શુભનપુરા, આઈ.ટી.આઈ.રોડ,વડોદરા.

(૨) **ઉદય નારાયણ લાલજી રામલાલજી પ્રજાપતિ**
ઉ.આ.વ.૨૭, ધંધોઃ નોકરી,
રહે.ફલેટ નં.૭૦૩, પ્રકૃતિ એમ્પાયર નં.૩૦,
ગોરવા શુભનપુરા, આઈ.ટી.આઈ.રોડ,વડોદરા.
(હાલ બંને રહે.જીલ્લા જેલ,લાજપોર,સુરત.)

વિરુધ્ધ

**સામાવાળા :** શ્રી સરકાર

**અરજદારના વિ.વ.શ્રી ડી.એસ.પટેલ**

**સામાવાળાના વિ.એ.પી.પી.શ્રી ટી.એ.પંચોલી**

<u>**બાબત :–**ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૪૮૩ મુજબની રેગ્યુલર જામીન અરજ</u>

**-: ચુકાદો :-**

(૧) આ કામના અરજદારો સામે ડીંડોલી પો.સ્ટે.પાર્ટ એ ગુ.રજી. નં.૧૧૨૧૦૦૫૬૨૫૨૭૩૨/૨૦૨૫ બી.એન.એસ.કલમ ૧૧૮(૪), ૩૧૭(૪),૩૧૮(૪),૬૧(૨),૩(૫) તથા આઈ.ટી.એકટ ની કલમ ૬૬(ડી) મુજબનો ગુનો નોંધાયેલ છે અને તે ગુનાના કામે પોલીસે આ કામના અરજદારોની તા.૨૨/૦૨/૨૦૨૬ ના રોજ અટક કરી કોર્ટમાં રજુ કરી પલીસ રીમાન્ડની માંગણી કરતા કોર્ટે તા.૨૬/૦૨/ ૨૦૨૬ સુધીના રીમાન્ડ મંજુર કરેલા ત્યારબાદ રીમાન્ડ સમય પુરો થયે અરજદારોને કોર્ટમાં રજુ કરતા કોર્ટે અરજદારોને જેલમા મોકલી આપેલ હોય અરજદારો હાલ જેલમા હોય રેગ્યુલર જામીન મેળવવા અરજદારોએ નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૪૮૩ મુજબની હાલની જામીન અરજી કરી છે.

(૨) અરજદારો તરફે અરજદારોના વિ.વ.શ્રી ડી.એસ.પટેલ નાઓને સાંભળ્યા. તેઓએ તેમની દલીલોમા મુખ્યત્વે જણાવ્યુ છે કે, હાલના અરજદાર/આરોપીઓ નિર્દોષ ઈસમ છે. અરજદાર/આરોપીઓ એ ફરીયાદી પાસે કોઈપણ પ્રકારની રકમની માંગણી કરેલ હોય તેવુ બનેલ નથી કે અરજદાર/આરોપીઓએ ફરીયાદીને કોઈ ટાસ્ક આપેલ હોય તેવુ પણ બનેલ નથી તેમજ ટાસ્ક પ્રમાણે ફરીયાદી જે રકમ જીતતા આવેલા તે રકમ અરજદાર/આરોપીઓએ આપેલ હોય તેવુ પણ બનેલ નથી. અરજદાર/આરોપીઓને સદર ગુનામાં ખોટી રીતે સંડોવવામાં આવેલ છે. તેમજ તેઓએ કોઈપણ પ્રકારનો કોઈ

ગુનો કરેલ નથી અને પોલીસે તેઓને ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલ છે. અરજદાર/આરોપીઓએ ફરીયાદી સાથે છેતરપીંડી કરેલ નથી. અરજદાર/આરોપીઓએ ફરીયાદીનો કોઈપણ મુદામાલ ચોરી કરીને કાયમી માટે પોતાની પાસે રાખેલ હોય કે ફરીયાદીનો મુદામાલ કોઈપણ બીજા પક્ષકારને વેચેલ હોય તેવુ બનેલ નથી. અરજદાર/આરોપીઓનો કોઈ ગુનાહીત ઈતિહાસ નથી. અરજદાર/ આરોપીઓનો કેસ ચાલતા ઘણો લાંબો સમય જાય તેમ છે. અરજદાર/આરોપીઓ વડોદરા જીલ્લાના રહેવાસી છે. વધુમા આ કામના અરજદારો કોર્ટમાં નિયમીત હાજર રહેશે, કોર્ટ જણાવશે તે તમામ શરતોનુ પાલન કરશે વિગેર હકીકતે અરજદારોને યોગ્ય શરતોને આધીન રેગ્યુલર જામીન મુકત કરવા રજુઆત કરી છે.

(૩) સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી ટી.એ.પંચોલીને સાંભળ્યા. તેઓએ અરજીનો વિરોધ કરતા મુખ્યત્વે જણાવ્યુ છે કે, આ કામના અરજદાર/આરોપીઓ દ્વારા ઈન્સ્ટાગ્રામ લિંક દ્વારા વ્હોટસએપ નં.૯૬૬૦૪૮૪૯૨૩ પર વાતચીત કરી પોતાની ઓળખ ''hello, I am an HR Assistant at NSE-Corporate Office " આપી ફરીયાદીને કહેલ પોતે પાર્ટ ટાઈમ ઘરે બેઠા નોકરી માટે માણસો પસંદ કરીએ છીએ તમે ઘરે બેઠા રૂ.૫૬૦૦/- થી રૂ.૮૬૫૦/- કમાવવાની લોભામણી લાલચ આપી ગુગલ મેપ પર રીવ્યુ આપી આગળના ટાસ્ક માટે ટેલીગ્રામ આઈ.ડી. @Ramnarine663 પર સેલેરી કોડ PND 5449 આપી ટાસ્ક પુરા કરીને ફરીયાદીને અલગ અલગ ટાસ્ક પેટે UPI

ID shaheermalhotra89-1@okhdfcbank તથા UPI ID riteshpaikrs@oksbi તથા UPI ID sah-mitesh@ptyes તથા UPI ID prash9778@axl તથા આરોપીઓના બંધન બેંક ખાતા નં. 20200125793230 IFSC CODE BDBL0001480 પર કુલ રૂ.૭૬,૮૦૦/–ટ્રાન્સફર કરાવી તથા રૂ.૬૪૭૦/– વિડ્રો કરવા દઈ બાકીના રૂ.૭૦,૩૩૦/– તથા કમિશનના રૂપિયા વિડ્રો ન કરવા દઈ ફરીયાદી સાથે છેતરપીંડી કરી ગુનો આચરેલ હોવાનો આક્ષેપ છે. આ કામના આરોપી નં.૧ વિરુધ્ધમાં NCCRP પોર્ટલ પર અલગ અલગ રાજયોમાં કુલ–૧૧ ઓનલાઈન સાયબર ફ્રોડની અરજી થયેલ છે. તેમજ આરોપી નં.ર ની વિરુધ્ધમાં NCCRP પોર્ટલ પર અલગ અલગ રાજયોમાં કુલ–૩૫ ઓનલાઈન સાયબર ફ્રોડની અરજી થયેલ છે. આ કામના આરોપીઓ આખા દેશમાં ગરીબ અને નોકરીની ગરજવાળા યુવક યુવકઓને ઓનલાઈન ભોળવી તેઓને ઘર બેઠા નોકરીની લાલચ આપી તેઓની સાથે ઓનલાઈન સાયબર ફ્રોડ કરતા હોવાથી આ કામના આરોપીઓને જામીન મુકત કરવામાં આવશે તો તેઓને આ પ્રકારના ગુનાઓ વધુ પ્રમાણમાં કરવાનું પ્રોત્સાહન મળે તેવી પુરેપુરી શકયતા હોય. તેમજ અરજદાર નં.ર ના ખાતામાં પૈસા આવેલા છે. આ કામે તપાસ ચાલુ છે. અરજદાર/આરોપીઓ વિરુધ્ધ પ્રથમ દર્શનીય કેસ છે. અરજદાર/આરોપી જામીન મુકત કરવામાં આવે તો તે નાસી ભાગી જાય તેવી પ્રબળ શકયતાઓ રહેલ છે જેથી અરજદારને રેગ્યુલર જામીન પર મુકત કરી શકાય નહી વિગેરે હકીકતે અરજદારની અરજી રદ કરવા રજુઆત કરી છે.

(૪) અરજદારની અરજી, તપાસ કરનાર અમલદારશ્રીનુ સોગંદનામુ તેમજ તપાસના કાગળો વંચાણે લીધી તથા બંને પક્ષે વિ.વ.શ્રીઓને સાંભળ્યા. આ ગુનાની હકીકત ધ્યાને લેવામા આવે આ કામના અરજદાર/આરોપીઓ ધ્વારા ઈન્સ્ટાગ્રામ લિંક ધ્વારા વ્હોટસએપ નં.૯૬૬૦૪૮૪૯૨૩ પર વાતચીત કરી પોતાની ઓળખ ''hello, I am an HR Assistant at NSE-Corporate Office " આપી ફરીયાદીને કહેલ પોતે પાર્ટ ટાઈમ ઘરે બેઠા નોકરી માટે માણસો પસંદ કરીએ છીએ તમે ઘરે બેઠા રૂ.૫૬૦૦/- થી રૂ.૮૬૫૦/- કમાવવાની લોભામણી લાલચ આપી ગુગલ મેપ પર રીવ્યુ આપી આગળના ટાસ્ક માટે ટેલીગ્રામ આઈ.ડી. @Ramnarine663 પર સેલેરી કોડ PND 5449 આપી ટાસ્ક પુરા કરીને ફરીયાદીને અલગ અલગ ટાસ્ક પેટે UPI ID shaheermalhotra89-1@okhdfcbank તથા UPI ID riteshpaikrs@oksbi તથા UPI ID sah-mitesh@ptyes તથા UPI ID prash9778@axl તથા આરોપીઓના બંધન બેંક ખાતા નં .20200125793230 IFSC CODE BDBL0001480 પર કુલ રૂ.૭૬,૮૦૦/-ટ્રાન્સફર કરાવી તથા રૂ.૬૪૭૦/- વિડ્રો કરવા દઈ બાકીના રૂ.૭૦,૩૩૦/- તથા કમિશનના રૂપિયા વિડ્રો ન કરવા દઈ ફરીયાદી સાથે છેતરપીંડી કરી ગુનો આચરેલ હોવાનો આક્ષેપ છે.

(૫) અરજદાર/આરોપીઓએ અગાઉથી ગુનો આચરવાના કાવતરામાં સામેલ થઈ પોતાના એકાઉન્ટ વાપરવા આપેલ છે. તેમજ ગુનાની તપાસ ચાલુ છે. તેમજ આરોપીઓ સામે અન્ય ગુનાઓ પણ નોંધાયેલ છે. આમ આરોપીઓ આવા ગુનાઓ કરવાની ટેવ વાળા

જણાય છે. જો અરજદાર/આરોપીઓ ને જામીન ઉપર મુકત કરવામાં આવે તો પુરાવા સાથે ચેડા કરશે અને ફરીયાદપક્ષનાં કેસને નુકસાન પહોચાડે તેમ છે જેથી અરજદારોને આવા ગંભીર ગુનામાં જામીન પર મુકત કરવા યોગ્ય અને ન્યાયોચીત જણાતુ નથી જેથી અરજદારોની હાલની અરજી મંજુર થવા પાત્ર ન હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. આ કામના અરજદાર નં.**(૧) વિપુલ કમલેશ દલસિંગ ભાભોર (૨) ઉદય નારાયણલાલજી રામલાલજી પ્રજાપતિ** નાઓની હાલની નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૪૮૩ મુજબની રેગ્યુલર જામીન અરજી **નામંજુર** કરવામા આવે છે.

આ હુકમ આજરોજ તા.૦૭ મી, માહે-માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

તારીખ:૦૭/૦૩/૨૦૨૬
સુરત.

(**આર.આર.ભટ્ટ**)
બીજા એડીશનલ સેશન્સ જજ,સુરત.
Code No.GJ-00608